
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ



શ્વેતા મિસ્ત્રી પંચોલી-ગાંધીનગર



સ્વર યુથ - વ્યારા



સ્વયં ગ્રુપ-સુરત


ઓગસ્ટ-સપ્ટેમ્બર-૨૦૨૧ અંક-૪ વર્ષ : ૫૭ સળંગ અંક : ૪૮૪

માસિક કિંમત-રૂા. ૧૦/- વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦/-

તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી સહતંત્રી : મલયકુમાર દિનેશકુમાર મિસ્ત્રી



Pancholi navyug Email omncholinavyug@gmail.c

Email : infospssmm@gmail.com Web site : www. pancholisamaj.org

# અનુકરણિય




શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ ને અંકલેશ્વર  નિવાસી શ્રી નિલેશભાઈ સોમાભાઈ મહેતા ના પરિવાર તરફથી સ્વ. કુમારી વૃશાલી નિલેશભાઈ મહેતાની આજરોજ  દ્વિતીય પુણ્યતિથિ નિમિત્તે તેની સ્નેહસ્મૃતિમાં શૈક્ષણિક સહાય ફંડ ખાતે રૂપિયા 5001/- (રૂપિયા પાંચ હજાર એક) દાન પેટે મળ્યા છે



શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને, રાજપીપળાના સ્વ.શૈલેન્દ્ર ઉમંગલાલ પંચોલી, સ્વર્ગવાસ તારીખ ૦૩- ૦૫- ૨૦૨૧ની પુણ્ય સ્મૃતિમાં ,ગં.સ્વ. રેખાબેન શૈલેન્દ્ર પંચોલીઅને શ્રી કૃતિક શૈલેન્દ્ર પંચોલી તથા સહ પરિવાર તરફથી વિધવા સહાય  ફંડ ખાતે રૂપિયા ૫૦૦૦.૦૦ (પાંચ હજાર પુરા ) દાન પેટે મળ્યા છે. આભાર દાતાઓનો. તેમજ દાન માટે પ્રેરીત કરનાર શ્રી નવીનભાઈ સી .પંચોલી, વ્યારા-



સ્વ. ચેતનભાઈ મોહનભાઈ પંચોલીશ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને, બહાદુરપુરના વતની હાલમાં વડોદરા નિવાસી ગં.સ્વ. સવિતાબેન ચેતનભાઈ પંચોલી ના પરિવાર તરફથી સ્વ. ચેતનભાઈ મોહનભાઈ પંચોલી ના સ્મરણાર્થે રૂ. ૧૧૦૦૧/- વિધવા સહાય ફંડ, રૂા. ૧૧૦૦૧/- શૈક્ષણિક સહાય ફંડ તથા રૂ. ૧૧૦૦૧ મેડીકલ સહાય ફંડ, ખાતે કુલ રૂ. ૩૩૦૦૩.૦૦ દાન પેટે મળ્યા છે. દાન માટે પ્રેરીત કરનાર શ્રી દેવાંગભાઈ પી પંચોલી ,(પ્રમુખશ્રી વડોદરા એકમ તેમજ સહમંત્રી-શ્રી પં.સે.સ.મ.મં)



શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને, અમદાવાદના સ્વ. દિનેશચંદ્ર દલસુખરામ પંચોલી,  સ્વર્ગવાસ તારીખ ૨૭-૦૭-૨૦૨૧ની પુણ્ય સ્મૃતિમાં ,ગં.સ્વ. લોપા દિનેશચંદ્ર પંચોલી , શ્રી ભાવન ડી. પંચોલી અને શ્રી પ્રણય ડી.પંચોલી-પરિવાર તરફથી વિધવા સહાય ફંડ ખાતે રૂપિયા ૫૦૦૦ (પાંચ હજાર પુરા ) દાન પેટે મળ્યા છે.  દાન માટે પ્રેરીત કરનાર શ્રી નવીનભાઈ સી .પંચોલી, વ્યારા-

ઉપરોક્ત દાતાશ્રીઓનો તથા દાન માટે પ્રેરીત કરનાર નવિનભાઈ તથા દેવાંગભાઈના આભારી છીએ. મહામંડળના હોદ્દેદારો તરફથી દાતાશ્રીઓનો અમો હૃદયથી સન્માન સહિત કૃતજ્ઞતા અને આભાર વ્યક્ત કરીએ છીએ...

---

સુરત નિવાસી શ્રી અશ્વિન ભાઈ મનહર ભાઈ પંચોલી તરફ  શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ ના સીટી સ્મારક નિધિ ને શૈક્ષણિક સહાય તરીકે રૂપિયા 5,000 તથા પંચોલી સેવા સમાજ  મહા મંડળને રૂપિયા 5,000 નું દાન મળ્યું છે આમ કુલ 10000.00  દાન અશ્વિન ભાઈ તરફથી મળ્યું છે.

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ તથા સ્વ. સી.ટી.સ્મારકનિધિ શ્રી અશ્વિનભાઈનો આભાર માને છે.

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

**પંચોલી નવયુગ**

**ઓગસ્ટ-સપ્ટે.-૨૦૨૧**

**-: પ્રકાશન સ્થળ :-**

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઇલ્સ સામે, તાલુકા સેવા સદન પાસે, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

પ્રકાશન સામયિકતા : માસિક
પ્રકાશક તંત્રી નામ : શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું નામ :શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું સરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩, અજીત એસ્ટેટ, સ્કવેર પોઇન્ટ પાછળ, ડો. બેંક રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ બી-૨૫, બીજનગર, અંકલેશ્વર

હુ દિનેશભાઇ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે.

દિનેશભાઇ એમ. મિસ્ત્રી

## પંચોલી નવયુગ જાહેરાતના દર

| | | |
|---|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | રૂા. | ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. | ૨,૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. | ૩,૦૦૦/- |
| કલર પેજ (ફકત દિપોત્સવી અંક) | રૂા. | ૨,૦૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | રૂા. | ૧,૫૦૦/- |
| અડધુ પેજ | રૂા. | ૭૫૦/- |
| અડધુ પેજ (એક ફોટો) | રૂા. | ૮૦૦/- |
| પા પેજ | રૂા. | ૪૦૦/- |

(પા, અડધા અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ રૂા. ૫૦ વધારાના આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક :** રૂા.૧૫,૫૫૫/-

(પ્રથમ વર્ષે આખા પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓના ફોટા તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક :** રૂા. ૨,૫૨૫/-

(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે.(ફોટો છપાશે તો નામ આવશે નહીં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

| | |
|---|---|
| **માસિક** | **રૂા. ૧૦/-** |
| **વાર્ષિક લવાજમ** | **રૂા. ૧૦૦/-** |

# તંત્રી નોંધ



સુજ્ઞ જ્ઞાતિજનો..

સૌ કુશળ હશો....

ધીરે ધીરે કોરોનાની બીક ઓછી થવા માંડી છે... વહેવારો પણ ધીરે ધીરે થાળે પડવા માંડ્યા છે... કોરોનાની ત્રીજી લહેર પણ આવું કે નહીં ? એવું વિચારી રહી છે... ત્યારે વિઘ્નહર્તા ગણપતિબાપાને કહીએ કે આ દુનિયાનું મોટામાં મોટુ વિઘ્ન હવે તો હરો ? અમો પણ આવનારા તહેવારો ઉજવવાને થનગની રહ્યા છે... છેલ્લા દોઢ વર્ષથી ઘરમાં બેસીને કંટાળી ગયા છીએ... ખરૂને ?..

આપણે પણ નવયુગ વગર, સમાજના સમાચારો જાણ્યા વગર રહી નથી શકતા પણ શું કરીએ ? આ વખતે ઓગસ્ટ-સપ્ટેમ્બરનો અંક પ્રકાશિત કરી રહ્યો છું... નવેમ્બરમાં દિવાળી આવશે... દિવાળી અંક ? ? ?

લોકોનું કહેવું છે કે લગ્નના ગીત લગ્ન વખતે જ ગવાવા જોઇએ... અને દિવાળી અંક માટે એકદમ થોડો જ સમય હોય ત્યારે વિચારણા માંગી લે છે...કે શું કરવું ? અને એક રસ્તો મળ્યો. એક જ્ઞાતિજનનું સુચન હતું કે આટલા વર્ષોથી નવયુગ વિના મુલ્યે દરેક જ્ઞાતિજનોને ત્યાં આવે છે તો આપણે નવયુગને ફુલ નહી તો ફુલની પાંખડી આપવી જ રહી... જાહેરાતો પણ દર વર્ષે જે આપે છે એમાં બે-પાંચ ટકા પણ નવા જ્ઞાતિજનો નથી વધતા.. તો આ વર્ષે સ્વૈચ્છિક શુભેચ્છા જાહેરાત આપે, જાહેરાત નો આપે એ રૂા. ૧૦૦/-, રૂા. ૨૦૦/? નવયુગને ભેટ પણ આપે જ...આપણી ફરજ છે... અને મારો માંગવાનો હકક પણ છે... વિચારું છું કે આ વર્ષે દરેક દિપોત્સવી અંકનો રેકોર્ડ આ વર્ષનો દિપોત્સવી અંક તોડે....

જાહેરાત માટે આ વખતે આગ્રહ કરતો નથી મારે જોવું છે કે જ્ઞાતિજનો નવયુગને કેટલો પ્રેમ કરે છે. તો આ વિનંતી સ્વીકારી સ્વૈચ્છિક અને પોતાની અનુકુળતા પ્રમાણે આખુપાનુ, અડધુ પાનુ, પા પાનાની જાહેરાત આપેલ

સમય મર્યાદામાં મોકલી આપીશું જેથી પ્રુફરીડીંગનો સમય પણ મળી રહે...

શ્રાવણમાસના તહેવારો જેવા કે જન્માષ્ટમી, બળેવ, સ્વાતંત્ર્ય દિન તથા ગણેશ ઉત્સવમાં પણ સૌએ સંયમ રાખી માસ્ક, સોશ્યલ ડિસ્ટન્સનું સન્માન કરવાથી હાલ કોરોનાનું પ્રમાણ ઘટી રહ્યું છે. આશા રાખીએ નવરાત્રી તથા દિવાળી પણ એટલા જ ઉત્સાહથી ઉજવી શકીએ.... દરેક જ્ઞાતિજનોને આવનારા તહેવારોની હાર્દિક શુભેચ્છાઓ..

અંતમાં એક સુવિચાર
એક વૃક્ષે કબુલાત કરી કે..
મારા પાંદડા રોજ ખરે છે..
છતાં પવન સાથે
મેં સબંધ બગાડયા નથી...

અસ્તુ

દિનેશભાઇ એમ મિસ્ત્રી- તંત્રી
મલયકુમાર ડી. મિસ્ત્રી-સહતંત્રી
પંચોલી નવયુગ

# પ્રમુખ નોંધ

હેમંતકુમાર સી. મિસ્ત્રી-પ્રમુખ
શ્રી પ.સૌ.સ.મહામંડળ
મો. ૯૨૨૪૨ ૧૧૦૨૨ hemmistry@gmail.com



વ્હાલા જ્ઞાતિજનો, વડીલો, મહિલાઓ અને યુવા મિત્રો,

સૌ કુશળ હશો એવી અપેક્ષા.

ચાર વર્ષો આમ તો નાનો સમય ના કહેવાય પરંતુ સમયને જતા કયાં વાર લાગે છે ? આપ સૌએ મારામાં અને મારા સાથી હોદ્દેદારોમાં વિશ્વાસ મુકી મહામંડળની બાગડોર સોપ્યાને ચાર ચાર વર્ષના વ્હાણા વાઇ ગયા અને ચોથી એ.જી.એમનો સમય આવી ગયો, આ રીતે રૂટીનમાં મળવાનો આ છેલ્લો અવસર છે. બસ સમાજ પ્રગતી કરતો રહે એવી શુભેચ્છા.

કોરોના-કોવીડને પણ બે વર્ષ થયા અને ઘણુ ખરુ અન-લોક થવા લાગ્યુ છે, પ્રભુ પાસે પ્રાર્થના કરીએ કે ત્રીજી લહેર અંગેની તમામ આગાહી ખોટી પડે અને સૌ ફરીથી ફેસ ટુ ફેસ કોઇ પણ પાબંધી વીના મળતા થઇએ. બસ ત્યાં સુધી પોતપોતાની કાળજી રાખશો.

આવા જ અનિશ્ચિતતાના વાતાવરણને લઇને અને સરકારશ્રીની ગાઇડ લાઇન ધ્યાને લઇ આ વર્ષની કારોબારી સભાનું પણ તારીખ તા. ૨૯.૮.૨૦૨૧ના રોજ ઓનલાઇન ઝુમ મિટીંગ પર આયોજન કરવામાં આવ્યું. હવે આપણને પણ ઝુમ મિટિંગનો સારો અનુભવ થઇ ગયાનું આ વખતે અનુભવાયુ, કારોબારીમાં રૂબરૂ કરતા વધુ સભ્યોએ ભાગ લીધો, આનંદનો વિષય. અમુક એકમોની સંપૂર્ણ નિષ્ક્રિયતા તો જુના નિષ્ક્રિય એકમોની હાજરી જોઇ આનંદ પણ થયો. છેલ્લા થોડા સમયથી પાલ વિભાગ નવયુગ, મહામંડળમાં સક્રિય ભાગ લેતો થયો છે, આ મિટિંગમાં બોડેલીના કમલેશભાઇની એકટીવ હાજરી નોંધ લેવા મજબુર કરે એમ હતી, અભિનંદન. આ આપણો સમાજ છે અને આપણે જ જાતે એકટીવ થવાની જરૂરીઆત છે. પરંતુ આ વખતે મહામંડળના માજી પ્રમુખ ડો. મહેશભાઇની હાજરીતો એકદમ નિયમિત હોય છે પરંતુ આ વખતે મહામંડળના માજીપ્રમુખ ડો. ભૂપેન્દ્રભાઇ-મુંબઇ ની એકટીવ હાજરી ખૂબ ગમ્યા.. આભાર બન્ને મહાનુભાવોનો.

અમોએ વારંવાર અપીલ કર્યા છતા સભ્યો દ્વારા ભરવામાં આવતા સહાયના ફોર્મ અધુરી માહિતી સાથે આવે છે. અને આવ્યા પણ છે. આથી કારોબારીમાં લેવાયેલ નિર્ણય મુજબ અધૂરા ફોર્મ વાળી અરજીની માહિતી મહામંત્રીશ્રી દ્વારા જેતે સભ્ય અને એકમના હોદ્દેદારોને મોકલી આપવામાં આવેલ છે. આ અરજીઓ પેન્ડિગ છે આથી સત્વરે પુરતી માહિતી ભરી મોકલશો.

અન્યથા આ અરજીઓ રદ કરવા નિર્ણય કરાયેલ છે.

બીજો પેન્ડિગ એવો જ પ્રશ્ન એકમોની સભ્ય ફી ને લગતો છે. જે બાબતે વિગતવાર કારોબારીમાં ચર્ચા કરવામાં આવી તથા સભ્યોના આગ્રહથી જે જે એકમોની ફી નથી આવી તેનું લીસ્ટ જાહેર કરવામાં આવ્યું. જો આ એકમો હજી પણ ફી ના આપે તો એઓના સભ્યપદ બાબતનો એજેન્ડા અગામી સામાન્ય સભામાં લેવો એવો મત પણ મળ્યો. રાજપીપલા એકમને ફરી વિનંતી કે આપની તથા પાલ વિભાગની જવાબદારી એક મોટા એકમ તરીકે લઇ આગામી દિવસોમાં આ કાર્ય પુર્ણ કરે, આ સિવાય પણ જે એકમોએ હજી ફી જમા નથી કરાવી તેઓને ફી મોકલવા આગ્રહ ભરી વિનંતી છે..

આપ સૌ અમારા પ્રતિ, સમાજ પ્રતિ અને ભવિષ્યમાં આવનારા મહામંડળના હોદ્દેદારો પ્રતિ સહકારની ભાવના બનાવી રાખશો જે કોઇએ કહ્યુ છે તે ૧૦૦% સાચુ છે કે 'વિના સહકાર નહિં ઉધ્ધાર' અને સમાજનો ઉધ્ધાર એટલે આપણો વિકાસ.

અંતમાં આગામી સામાન્ય સભા અમો ફિજીકલી મેળવવા કોશિષ કરી રહ્યા છીએ. સૌ સારા વાના થાય તો આ અંક મળશે થ્યાં સુધીમાં એ બાબતનો પોઝેટીવ નિર્ણય લેવાય એવી આશા છે. આપના અભિપ્રાય સલાહ-સૂચનો આવકાર્ય છે. સૌ જ્ઞાતિજનોને સારા સ્વાસ્થ્ય માટે મહામંડળની હાર્દિક શુભેચ્છાઓ..

આજે જ સવારે મળેલ સુરતના શ્રી અનિલભાઇ બી. પંચોલીના વોટસએપ મેસેજની પંકિત....

જીવન થોડુને મનમાં શું લેવું ? છે બધુ આપણું
એ ભ્રમમાં શું રહેવું..

બહુ વધુ નફરતનો ડેટા રાખવામાં રિસ્ક છે....
આપણામાં માં એક જ હાર્ટ છે,
કયાં વધારાની ડીસ્ક છે.????

# પાલ વિભાગની શુભેચ્છા મુલાકાત


મહામંડળના પ્રમુખશ્રી, મહામંત્રી અને મહામંડળ ટ્રસ્ટી તેમજ ભૂતપૂર્વ પ્રમુખશ્રી મહેશભાઇ સાથે, પાલ વિભાગની Dt. 12.9.2021 રવિવારનાં રોજ, શુભેચ્છા મુલાકાત લીધી હતી. જેમાં પાલ વિભાગ ના પ્રમુખશ્રી કમલેશભાઇ પંચોલી તથા મંત્રીશ્રી કૌશિકભાઇ પંચોલી અમારી સાથે સવારથી સાંજ સુધી દરેક એકમોમાં સાથે રહ્યા અને અભૂતપૂર્વ સહકાર આપ્યો.

પાલ વિભાગના દરેક એકમોના પ્રમુખ, મંત્રી તથા હોદ્દેદારોએ અત્યંત ઉત્સાહભેર સૌને આવકાર્યા અને મોટી સંખ્યામાં હાજર રહ્યાં. દરેક એકમોએ પોતાની મહામંડળ સભ્ય ફી તાત્કાલિક આપી અનુકરણીય કાર્ય કર્યું, તેમજ સમાજ સુરક્ષામાં વધુ ને વધુ સભ્યો બનાવવાની તૈયારી બતાવી અને મહામંડળના હવે પછીના મહામંડળના કાર્યક્રમોમાં સક્રિય ભાગ લેવાની ખાત્રી આપી હતી.સવારે 5.45 થી લઇને રાત્રે 10.45 ની આ મુલાકાત અત્યંત સફળ રહી. જેમાં વડીલ શ્રી મહેશ ભાઇ મિસ્ત્રી, શ્રી કમલેશભાઇ અને કૌશિકભાઇ ના અમો આભારી છીએ.

હેમંતભાઇ મિસ્ત્રી — પ્રમુખશ્રી
નિશિકાંત મિસ્ત્રી — મહામંત્રી
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ. 13-09-2021

# પ્રથમ પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલી

**: જન્મ :**
**તા. ૧૯.૦૨.૧૯૪૬**



**સ્વર્ગવાસ :**
**તા. ૧૮.૦૮.૨૦૨૦**
**શ્રાવણ વદ ચૌદશને**
**મંગળવાર**

**સ્વ. ઠાકોરભાઈ વિઠ્ઠલભાઈ પંચોલી**
**રાજપીપલા-ભરૂચ**

અન્યને સહાયરૂપ થવાનું કર્તવ્ય, સમાજને કંઇક અર્પણ કરવાની સદ્ભાવના, સમાજના વિવિધ વર્ગોના સ્નેહીજનો વર્ષમાં એક કે બે વખત સમુહમાં મળે, વિચાર વિમર્સ કરે, સમાજના ઉત્કર્ષમાં પોતાનું યોગદાન અર્પે એવા ઉમદા સ્વભાવને ફળીભૂત કરતા રાજપીપલા પ્રગતિ પરિવારના સર્જક પૈકીના એક તથા સમાજના વિવિધ ક્ષેત્રે અભ્યાસ કરતા તેજસ્વી તારલાઓને પ્રોત્સાહન મળી રહે એવી સદ્ભાવના જેમના જીવનનું કર્તવ્ય હતું, એવા દાનવીર અને ભકિતમય જીવન જીવતા અમારા પથદર્શક એવા વડીલ, જેમણે અપનાવેલ સાંસ્કૃતિક વારસો અમોને આપી અમો વચ્ચેથી વિદાય લીધી એવા પૂણ્યશાળી આત્માને પ્રથમ પૂણ્યતિથિએ અમારા કોટી કોટી વંદન, સહ પ્રભુ પ્રાર્થના....પ્રભુ એમના આત્માને સદ્ગતિ અર્પે......

**અર્પણકર્તા**


સ્વ. વિઠ્ઠલદાસ સોમાભાઇ પંચોલી, સ્વ. જેકોરબેન વિઠ્ઠલદાસ પંચોલી તથા પરિવાર
ગં.સ્વ. જ્યોતિષબેન ઠાકોરભાઇ પંચોલી
૯૧, પંચવટી સોસાયટી, એમ. આર. આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ સામે, કોલેજરોડ, રાજપીપલા, જિ. નર્મદા
Mo. : 99989 67527 / 70438 56900

ધવલકુમાર ઠાકોરભાઇ પંચોલી Mo. : 89800 47440 / 99985 73679
ચિ. શિવાંગ
અભિષાબેન ધવલકુમાર પંચોલી Mo. : 70433 47817
એ-૧/૩૯, શ્રી હરી બંગ્લોઝ સોસાયટી (૧), શ્રી ચામુંડામાતાજીના મંદિર પાછળ, ઝાડેશ્વરરોડ, ભરૂચ

નવિનચંદ્ર વિનુભાઇ પંચોલી - 99099 07413
દક્ષાબેન નવિનચંદ્ર પંચોલી - 63521 68894
ડો. વૈભવી(M.D. Medicine.)
ઋષભકુમાર - પ્રાચી
ચિ. હર્ષ-B.E.ELE.2nd Year
બી/૭૯, જય વૈકુંઠધામ સોસાયટી
માંજલપુર ટાઉનશીપ-૧
દરબાર ચોકડી, માંજલપુર. વડોદરા

કૌશિકકુમાર હસમુખભાઇ પંચોલી -98258 55666
ઇલાબેન કૌશિકકુમાર પંચોલી- 63562 87288
કૃતિ-B.A,BEd
ચિ. - દેવલ
જનકલ્યાણ સોસાયટી, ટેલીફોન ઓફિસ
નજીક, સુખી વસાહત રોડ, અલીપુરા.
બોડેલી. જિ. છોટાઉદેપુર

## દ્વિતીય વાર્ષિક પૂણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ



**પરેશભાઈ એ. પંચોલી-વલ્લભ વિદ્યાનગર**
**જ.તા. ૧૭.૧૧.૧૯૩૮**
**સ્વર્ગવાસ તા.૦૯.૦૯.૨૦૧૯**

જીવનના દરેક ડગલે ને પગલે,સમાજના દરેક પ્રસંગે જેઓ પરિવારના સદાય માર્ગદર્શક રહ્યા છે.જેમણે અમને આપેલ સરળ જીવન,ઉચ્ચ શિક્ષણસાથે ઉચ્ચ વિચારો,ઉત્કૃષ્ટ નૈતિક મૂલ્યો, પ્રમાણિક વ્યવહાર, નિ:સ્વાર્થ સેવાભાવના અને નિષ્કપટ વાણીના વારસાને અમે સદાય આત્મસાત કરતા રહીશુંપરિવાર જેમનું મંદિર હતું,પરિશ્રમ જેમનું કર્તવ્ય હતું અને પૂરૂષાર્થ જેમની ભક્તિ હતી,તેવા આપ અમારા માટે નિરંતર પ્રેરણાદાયી બની રહેશો.રામાપીર આપના દિવ્ય આત્માને સ્વર્ગનું સુખ આપે એવી અમારા સૌની અંત:કરણ પૂર્વક પ્રાર્થના.

## અભિનંદન....



ઝીલ પ્રજેશભાઇ પંચોલી -વલ્લભ વિદ્યાનગર
ભરતનાટ્-યમ્ માં પ્રથમ શ્રેણી સાથે
વિશારદ ની પદવી પ્રાપત કરેલ છે.

**અર્પણકર્તા - શુભેચ્છક**

ગં.સ્વ. સુશીલાબેન પી. પંચોલી
પ્રજેશ પી. પંચોલી - કિન્નરી પી. પંચોલી
ચિ. ઝીલ - કર્ણવ (ઓસ્ટ્રેલીયા)
Mo. : 99252 08413

પૂર્ણિમા પી. પંચોલી
પ્રફુલચંદ્ર આર. પંચોલી
ચિ. કૃપા(કેનેડા) Mo. : 94085 13692

જયરામ પી. પંચોલી - જાગૃતી જે. પંચોલી
ચિ. નિયતિ-આન્યા (કેનેડા)
Mo. : 674-787-3706

સ્વ. પુનિતા એમ. શ્રોફ - મનિષકુમાર પી. શ્રોફ
ચિ. કુશાંગ-સુજલ(અમદાવાદ)
Mo. : 79847 12794

પ્રાર્થના યુ. શાહ - ઉદયકુમાર પી શાહ
ચિ. હિનલ-હેમિલ (ધોળકા)
Mo. : 79900 10831

'રામદેવ કૃપા' ૮/૨૫ ગોવર્ધન સોસાયટી, એ.પી.સી. સામે, વલ્લભવિદ્યાનગર-૩૮૮૧૨૦

# Congratulations....



**ચિ. જુહિ આશિષ પંચોલી**
**L.L.B.**

મુંબઇ યુર્નિવસીટી/ગર્વમેંન્ટ લૉ કૉલેજ (મુંબઇ) દ્વારા લેવાયેલ (L.L.B.) માં 87% સાથે ઉર્તિણ થયેલ છે. (વર્ષ-૨૦૨૧)
તમારી આ પ્રગતિ બદલ અમો સહ પરિવાર ખૂબ ખૂબ ધન્યવાદ આપીએ છે.
તમે/આપની કારર્કિદીમાં ખૂબ ખૂબ સફળ થઇ, પ્રગતિના પંથે ઉત્તરોત્તર પ્રગતિ કરો એવી અમારા સૌની હાર્દિક શુભેચ્છાઓ

**શુભેચ્છક**

શ્રી આશિષ ધનસુખલાલ પંચોલી-પિતા
Mo. 98201 76043
સ્વ. ધનસુખલાલ ભગવાનજી પંચોલી-દાદા
ગં.સ્વ. ધનગૌરીબેન ધનસુખલાલ પંચોલી-દાદી
શ્રી સનત ધનસુખલાલ પંચોલી પરિવાર-દુબઇ
શ્રી પ્રકાશ મણીલાલ પંચોલી-ફુઆ
Mo. : 93239 63801
શ્રીમતિ દિપ્તી પ્રકાશ પંચોલી-ફોઇ
Mo. : 98334 72875
ચિ. હર્ષ પ્રકાશ પંચોલી-ભાઇ M.B.A.
Mo. : 91674 00378

4/C/83, રુસ્તમજી રીજન્સી,
રુસ્તમ ઇરાની માર્ગ, દહીસર(વેસ્ટ)
મુંબઇ-૪૦૦૦૬૮

**Shadi.com**



| | | |
|---|---|---|
| નામ | : | **જુહી** |
| પિતા | : | આશિષ ધનસુખલાલ પંચોલી<br>Mo. 98201 76043 |
| માતા | : | શ્રીમતિ નીતા આશિષ પંચોલી |
| જન્મ તા. | : | ૩૦/૧૧/૧૯૯૨ |
| સમય | : | બપોરે ૧.૪૨ |
| જ.સ્થળ | : | મુંબઇ-બોરીવલી |
| ઉંચાઇ | : | ૫'૫'' |
| અભ્યાસ | : | L.L.M (યુનિ. ઓફ મિશીગન<br>-અમેરિકા<br>L.L.B. (મુંબઇ યુર્નિવસીટી-ભારત) |
| જન્માક્ષર | : | મંગળ/શનિ નથી. |
| સરનામુ | : | 4/C/83, રુસ્તમજી રીજન્સી,<br>રુસ્તમ ઇરાની માર્ગ,<br>દહીસર(વેસ્ટ) મુંબઇ-૪૦૦૦૬૮ |

Shadi.com

Name : Harsh
Father : Rajesh Jayantilal Pancholi
Mother : Sangita Pancholi
Birth date : 14/11/1995
Time : 9.25 pm.
Height : 5'-6"
Weight : 65 Kg.
Education : B.Tech. & M.Tech from IIT Bombay-Graduated in 2018
Job : Samsung R & D Institute Bangalore as Lead Engineer.
Home Town : Surat
Address : 36, Govind Nagar Soc., honey park road, Adajan, Surat
Contact : 9879648519/9099252719



**Harsh Rajeshbhai Pancholi**
**B.Tech. & M.Tech**


Shadi.com

Name : Nainesh
Birth date : 27/10/1992
Birth Place : Vadodara
Height : 5'-9"
Education : Dip.Mech.Engineering-Vadodara
B.Tech Marine Engeering-Chennai
Marine Eng. Officer IV Kolkata
Marine Eng. Officer Class-II Mumbai
Profesion : Working at Marshal Ship Management on Marchant Ship
Father : Vinodchandra Pancholi
Mother : Parvatiben
Brother : Nikunj Vinodchandra Pancholi(ONGC)
Sister in Law : Payal Nikunj Pancholi
Address : A/23, Kanha Aangan Waghodia Chowkdi, Nr. N.H.N0.8, Opp. Himalaya Party Plot, Vadodara
Contact : 7574846046/9924828690
Email : naineshpancholi27@gmail.com



Shadi.com

Name : Daxesh
Father : Ishwarbhai A. Pancholi-
Mo. : 9898417363
Mother : Jyotiben
G.Mother : Santaben A. Pancholi
Birth date : 15 July 1990 Time : 00.07am
Birth Place : Surat Height: 5'6"
Weight : 60 kg.
Education : Civil Enng. Degree Distinction
M.Tech. Structural Ranker
Food : Vegetarian
Sister Hita Amar Pancholi-Married
Lecester
Address : 5,6 . Saraswat nagar soc.
Lakeview garden road, near piplod jakatnaka,
vesu. Surat.



**Daxesh Ishwarlal Pancholi**
Civil Enng. M.Tech. Structural

# તબીબી સેવા સંકુલ

સુજ્ઞ જ્ઞાતિજનો..
હવેથી તબીબી સેવા સંકુલ ની અરજીઓ અથવા
જરૂરી કાર્ય માટે
નીચેના સરનામે મોકલવા વિનંતી..

**ડો. વિસ્મય એમ. મિસ્ત્રી**
**વિસ્મય ડેન્ટલ કલીનિક**
**એફ-૮૩-૮૪, પહેલે માળે,**
**ગણેશ સ્કવેર**
**પારસ મેડીકેર ઉપર,**
**સરદાર પાર્ક, જી.આઈ.ડી.સી.**
**અંકલેશ્વર - ૩૯૩ ૦૦૨**

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ એકાઉન્ટ નંબર

આપનું દાન **શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ**ના
નામે સુરત શાખાની બેંક ઓફ બરોડાના
સેવિંગ્સ ખાતા ન **02690100010065,**
**IFSC : BARB0CITYLT**
માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો.
પ્રમુખ : શ્રી હેમંતભાઇ સી. મિસ્ત્રી-સુરત
(**IFSC CODE** માં પાંચમો ડીજીટ ઝીરો છે..)

## શ્રી પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા **શ્રી પંચોલી સેવા સમાજ**
**મહામંડળ** A/C **પંચોલી નવયુગ** ના નામે
બેંક ઓફ બરોડા-અંકલેશ્વર ના સેવિંગ્સ ખાતા ન
**02210100057495, IFSC : BARB0ANKLES**
માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો.
તંત્રી : દિનેશભાઇ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર
(**IFSC CODE** માં પાંચમો ડીજીટ ઝીરો છે..)

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની વર્ષ ૨૦૨૧-૨૦

# કારોબારી મિટિંગની મિનિટ્સ

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની વર્ષ ૨૦૨૧-૨૨ કારોબારીની મિટિંગ તારીખ:-૨૯-૦૮ ૨૦૨૧, રવિવાર, સવારે ૧૦.૦૦ કલાકે, ડિજીટલ ઓન લાઈન ઝૂમ એપ્લિકેશન દ્વારા,સુરતથી, મહામંડળના પ્રમુખશ્રી હેમંતભાઈ છગનલાલ મિસ્ત્રી ના અધ્યક્ષ સ્થાને મળી હતી. ડિજિટલ ઓન લાઈન નોંધ મુજબ:-૧૧ એકમમાંથી-કુલ ૩૦,જેમાં,બીલીમોરા-૦૧,અંકલેશ્વર-૦૭, વ્યારા-૦૩, સુરત-૦૭, નવસારી-૦૨, મુંબઈ-૦૩, ગણદેવી -૦૧, અજરાઇ-૦૨, બોડેલી-૦૧, બીલીમોરા-દુબઈ - ૦૨, વાપી- ૦૧. સભ્યો હાજર હતા.

મહામંત્રી,શ્રી નિશીકાંત બી. મિસ્ત્રી.એ, શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની વર્ષ ૨૦૨૧-૨૨ કારોબારીની મિટિંગની શરૂઆત કરી. સૌ પ્રથમ હાજર સભ્યોનું અભિવાદન કરી, ડિજીટલ પ્લેટફોર્મ ઉપર આવકાર્યા.

મિટિંગની આગળની કાર્યવાહી અને સંચાલન કરવા માટે, મહામંડળના પ્રમુખશ્રી હેમંતભાઈ છગનલાલ મિસ્ત્રીને વિનંતી કરી, આમંત્રણ આપ્યું.

એજન્ડા નંબર ૧ :- શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના પ્રમુખશ્રી દ્વારા મિટિંગ કૉલ બાય ઓર્ડર અને વેલકમ સ્પીચ.

પ્રમુખશ્રી હેમંતભાઈ મિસ્ત્રીએ વેલ કમ સ્પીચમાં દરેક હાજર સભ્યોનું શાંત અને આનંદમય વાતાવરણમાં ઝૂમ નેટ ઉપર સ્વાગત કર્યું અને સૌ સભ્યો આ સંજોગો માં સ્વાસ્થ્યપદ રહે તેવી શુભેચ્છા અને શુભકામના સાથે, એજન્ડા મુજબ મિટિંગનું કાર્ય કરવાની ભલામણ અને ઈચ્છા વ્યક્ત કરી, મિંટિંગની શરૂઆત કરી.

એજન્ડા નંબર ૨ :- તારીખ ૨૮-૦૫-૨૦૨૦ના રોજ મળેલ કારોબારીની મિનિટ્સની નોંધ લઈ મંજુર

કરવા બાબત.- મહામંત્રીશ્રી.

મહામંત્રી શ્રી નિશીકાંત બી. મિસ્ત્રીએ તારીખ ૨૮-૦૫-૨૦૨૦ ના રોજ ડિજીટલી ઝૂમ એપ્લિકેશન ઉપર કારોબારી મિટિંગ મળેલ હતી, મિટિંગની મિનિટ્સની નોંધ પણ ડીજીટલી વૉટ્સએપ ગ્રુપ માં મુકેલ હતી. હાજર સભ્યોને મિનિટ્સ વિશે, કોઈ પ્રશ્ન હોય, કંઈ પૂછવું હોય તો, અથવા વાંચવાનું પુછ્યું, પણ હાજર સભ્યમાં શ્રી મહેશભાઈ મિસ્ત્રી અંકલેશ્વર ના સુચન અને મત મુજબ વાંચવાની કોઈ જરૂરિયાત નથી, પ્રમુખશ્રીના ખાસ આગ્રહથી,તેમાં ચર્ચામાં લીધેલ મુખ્ય મુદ્દાઓ વિષે જાણકારી આપવામાં આવી. તે પ્રમાણે હાજર સભ્યોએ સર્વાનુમતે સર્વ સમંતિ દર્શાવી અનુમોદન આપી તારીખ ૨૮-૦૫-૨૦૨૦ ના રોજ મળેલ કારોબારીની મિનિટ્સ માન્ય રાખી બહાલી આપીને મંજુર કરી.

એજન્ડા નંબર ૩ :- તારીખ ૧૬-૦૫-૨૦૨૧ના રોજ મળેલ,શ્રી પંચોલી સેવા સમાજ

મહામંડળની ૫૮મી, વર્ષ ૨૦૧૯-૨૦ માટેની સામાન્ય સભાની મિનિટ્સની નોંધ લેવા બાબત.- મહામંત્રીશ્રી.

મહામંત્રી શ્રી નિશીકાંત બી. મિસ્ત્રીએ, તારીખ ૧૬-૦૫-૨૦૨૧ના રોજ મળેલ,શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની ૫૮મી, વર્ષ ૨૦૧૯-૨૦ માટેની સામાન્ય સભાની મિનિટ્સની નોંધ પણ ડીજીટલી વૉટ્સએપ ગ્રુપ માં મુકેલ હતી. હાજર સભ્યોને મિનિટ્સ, તેમાં ચર્ચામાં લીધેલ મુખ્ય મુદ્દાઓ વિષે જાણકારી આપવામાં આવી.

ઓન લાઈન કારોબારીમાં નક્કી થયા મુજબ રોકાણ બાબતે ચર્ચા - ઓન લાઈન કારોબારી મિટિંગમાં નક્કી થયા મુજબ હાલમાં મ્યુચ્યુઅલ ફંડમાં મહામંડળના લગભગ રૂપિયા ૭૬ લાખ અને સમાજ સુરક્ષા યોજના ના ૪૭.૩૩ લાખનું રોકાણ કરેલ છે જેમાં ગઈકાલના (તારીખ:-૧૫-૦૫-૨૦૨૧) રેકોર્ડ મુજબ મહામંડળના લગભગ રૂપિયા ૮૭ લાખ થયા છે એટલે કે ક્યુમુલેટીવ

ઇન્ટરેસ્ટ લગભગ ૧૩ % થી ૧૪ % થાય છે, હાલમાં આપણું રોકાણ

લીકવીડ ફંડમાં કરેલ છે ડેપ્થ ફંડમાં નથી, તો આજની સભા અમને માર્ગદર્શન, નિર્દેશ આપે તો તે મુજબ આ રોકાણ ચાલુ

રાખીએ અથવા બેંકમાં ફિક્સ ડિપોઝીટ તરીકે રોકાણ કરીએ. દરેક એકમના સભ્યોને તેમનો અભિપ્રાય આપવા- જણાવવા વિનંતી કરી.- "હાલમાં જે રીતે રોકાણ કરેલ છે તે મુજબ રોકાણ કરવાની" હિમાયત કરવામાં આવી.

"મહામંડળના નામથી ડિમેટ એકાઉન્ટ ખોલાવવું, ફાયનાન્સીયલ કમિટીની સલાહ સૂચન મુજબ યોગ્ય કંપનીના બોન્ડમાં રોકાણ કરવું." આ ઠરાવને હાજર સભાસદોએ સર્વાનુમતે બહાલી આપી મંજુર કર્યો.

શ્રી કિરણભાઇ પંચોલીના મત મુજબ ૧૨ -એ સિર્ટીફીકેટ લઇ લેવું જોઇએ. પ્રમુખશ્રી તથા મહામંત્રીશ્રી એ એનાથી ઉપસ્થિત થતા પ્રશ્નોની ચર્ચા કરી પણ શ્રી કિરણભાઇ પંચોલીનું મંતવ્ય એવું હતું કે ૧૨ -એ સિર્ટીફીકેટ લેવું હિતાવહ છે.

આપણી સંલગ્ન સંસ્થાના રિપોર્ટ તેમજ આવનારા વર્ષમાં કરનાર કાર્યની સમીક્ષા કરતા હોય , આ મુજબ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની સંલગ્ન સંસ્થાઓ એ ગત વર્ષ દરમિયાન કરેલ કામગીરીનો ટૂંકસાર આપી હાજર સભ્યોને માહિતગાર કર્યા.

અંકલેશ્વરથી શ્રી ડૉ.મહેશભાઇ મિસ્ત્રી નું સૂચન હતું કે આવનારી સામાન્ય સભા બે ત્રણ માસમાં ફિઝીકલી મળે તો સારું, તેના સંદર્ભે પ્રમુખશ્રી એ પણ એજ અનુમોદન આપ્યું અને દરેક સંલગ્ન સંસ્થા ના હિસાબે સત્વરે આવી જાય તો આ શક્ય બનશે એવી આશા વ્યક્ત કરી.

એજન્ડા નંબર ૪ :- શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ તથા સંલગ્ન સંસ્થાના વર્ષ

૨૦૨૦-૨૧ ના અન- ઓડિટેડ હિસાબોની બાબત- ખજાનચીશ્રી.

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ તથા સંલગ્ન સંસ્થાના વર્ષ ૨૦૨૦-૨૧ ના અન- ઓડિટેડ હિસાબો ખજાનચી શ્રી ઉમેશભાઇ પંચોલી દ્વારા રજુ કરવામાં આવ્યા. ડીજીટલી વૉટ્સએપ ગ્રુપમાં હિસાબો મુકેલ છે. હાજર સભ્યોની માંગણી અને લાગણીને માન આપી. મહામંડળ તથા સંલગ્ન સંસ્થાના અન- ઓડિટેડ હિસાબો વિષે વિસ્તુત ખુલાસા સાથે વિગતવાર માહિતી આપી.

પ્રમુખશ્રી હેમંતભાઇ મિસ્ત્રીએ, આ વર્ષે ચાર્ટડ એકાઉન્ટન્ટ તરફથી આવેલ નિર્દેશ મુજબ નવયુગના એકાઉન્ટ બાબતે નવયુગના તંત્રી અને સહતંત્રીને જણાવ્યું કે, " કોઇપણ નાણાંકીય વ્યવહાર ચેક થી જ કરવો ટેક્ષ બચાવવા કેશ અથવા બેરર ચેક થી વ્યવહાર કરવાની ના પાડી છે." આ રીતે હવેથી કરશો નહિ, આપણે ટેક્સ ભરવો પડે તો વાંધો નથી. ડૉ.મહેશભાઇ મિસ્ત્રી તેમજ શ્રી પારસભાઇ મિસ્ત્રી એ આ બાબતને અનુમોદન આપ્યું.

શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજના ના એકાઉન્ટ રજૂ કરતા, સમાજ સુરક્ષાના અધ્યક્ષશ્રી નવીનભાઇ પંચોલી- ને ઉદભવેલ પ્રશ્નોનું સંતોષકારક રીતે નિવારણ કરેલ હતું .હાજર સભ્યોએ સર્વાનુમતે સર્વ સમંતિ દર્શાવી અન- ઓડિટેડ એકાઉન્ટ માન્ય રાખી બહાલી આપીને તેને ઓડિટ કરવાની મંજૂરી આપી. તેને આવનારી વર્ષ ૨૦૨૦-૨૧ની સામાન્ય સભામાં રજૂ કરવામાં આવશે.

એજન્ડા નંબર ૫ :- વિધવા-નિરાધાર સહાય તેમજ અન્ય સહાયની અરજી બાબતે ચર્ચા

પ્રમુખશ્રી હેમંતભાઇ મિસ્ત્રીએ વિધવા-નિરાધાર સહાય બાબતે શરૂઆત કરતા જણાવ્યું કે છેલ્લા બે વર્ષથી આપણે ડીજીટલી આવેલ અરજી પણ ધ્યાનમાં લઇ સહાય આપીએ છીએ, તેમજ આપણે આજસુધી કોઇ અરજી રિજેકટ કરી નથી.. પણ હાજર રહેલ દરેક સભ્ય ને એક સવાલ કર્યો કે, " જે એકમ વિધવા સહાય આપે છે, પણ જે તે અરજી કરનારને સહાય ના આપે તો, તેવા અરજી કરનારા સભ્યની અરજી નો નિકાલ કેવી રીતે

કરવો" અધૂરી અરજી તેમજ ખોટી માહિતી જેવી કે અરજી કરનાર ને મળતી સહાયનો ઉલ્લેખ કરેલ નથી..

શ્રી હેમંતભાઈ મિસ્ત્રીએ પ્રમુખ તરીકે નહિ, પણ એક સભ્ય તરીકે પોતાનો અભિપ્રાય આપ્યો કે ,જે અરજી કરનાર સભ્યને તેનું એકમ જ જો સહાય ના આપતું હોય તો તે અરજી કરનાર સભ્યને, સહાય લેવા માટેની જરૂરિયાત નથી. ત્યારબાદ આ મુદ્દા ઉપર ઉપપ્રમુખ શ્રી, ડૉ.મહેશભાઈ, કિશોરભાઈ, નવીનભાઈ, ધવલભાઈ -સુરત, પ્રણવભાઈ, કમલેશભાઈ-બોડેલી, શોભાબેન, મહામંત્રીશ્રી, રાહુલ મિસ્ત્રી- મુંબઈ તેમજ હાજર સભાસદોએ વિસ્તુત ચર્ચા વિચારણા કરતા સર્વ સમંતિથી એવું નક્કી કરવામાં આવ્યું કે, "તમારા એકમ તરફથી, મદદ મળવાનો ઉલ્લેખ કરેલ નથી, તો તે બાબતે,તમને મદદ મળે છે કે નહિ તે, સ્પષ્ટ રીતે " " હા" અથવા "ના" માં જણાવવું. "હા" હોય તો તે રકમ જણાવશો. ત્યાં સુધી તમારી અરજી પેન્ડિંગ રાખેલ છે." વિધવા સહાય માટે અરજી કરનાર સભ્યને તેમજ, જે તે એકમના પ્રમુખશ્રી અથવા મંત્રીશ્રીને એ બાબતની જાણ કરવી.તેવું જણાવી સાત દિવસનો સમય આપવો ત્યારબાદ એ અરજી ઉપર જરૂરિયાત મુજબ કાર્ય કરવું.

એજન્ડા નંબર ૬ :- શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની ૫૯મી, વર્ષ ૨૦૨૦-૨૧ માટેની સામાન્ય સભા આયોજન કરવા બાબત -

પ્રમુખશ્રી હેમંતભાઈ મિસ્ત્રીએ જણાવ્યું કે, ડૉ.મહેશભાઈ, તેમજ હમણાં શ્રી નવીનભાઈએ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની ૫૯મી, વર્ષ ૨૦૨૦-૨૧ માટેની સામાન્ય સભાના ફિઝિકલી મિટિંગ માટે વાત કરી તેના અનુસંધાને, આયોજન માટે એક બે એકમ સાથે વાત ચાલે છે, તે મુજબ ફિઝિકલી મિટિંગ લગભગ સપ્ટેમ્બર અંત સુધીમાં બોલાવવાની કોશિશ કરીશું. જે ફાયનલ થતા બધાને તુરંત જાણ કરવામાં આવશે.

એજન્ડા નંબર ૭ :- પ્રમુખ સ્થાને થી અન્ય કામોની રજુઆત-

ત્યારબાદ પ્રમુખશ્રી હેમંતભાઈ એ જણાવ્યું કે,છેલ્લી સામાન્ય સભામાં સમાજ સુરક્ષા માટે એક કમિટી બનાવી હતી, શ્રી ડૉ.મહેશભાઈ મિસ્ત્રી તેમજ શ્રી કિરણભાઈ પંચોલી એ એક પ્રસ્તાવ આપેલ છે, "TATA AIG" ઇન્સુરન્સ કંપની ને આપણે હાલનું રોકાણ 53+7 લાખ છે, તે આપણે TATA AIG ને આપી દેવાના, એની સામે તેઓ આપણા હાલના લગભગ 1500 મેમ્બર્સ ની જવાબદારી ઉઠાવે, મેમ્બર્સ એ આજીવન કોઈપણ હમો નહિ ભરવાનો અને જ્યારે જે મેમ્બર ગુજરી જાય ત્યારે તેમના વારસને રૂપિયા 30000.00 ની ચુકવણી TATA AIG કરે.

ત્યારબાદ શ્રી ડૉ . મહેશભાઈ એ જણાવ્યું કે સમાજ સુરક્ષા કમિટીની મિટિંગ બોલાવી, તેમાં રજુઆત ફાયનલ કરીને સમાજ સુરક્ષાની સામાન્ય સભામાં તે પ્રસ્તાવ મુકીશું.

પ્રમુખશ્રી હેમંતભાઈ એ જણાવ્યું કે , ચાર્ટડ એકાઉન્ટન્ટ તરફથી એક સુચન આવેલ છે, શક્ય થતું હોય તો ,હાલમાં એકાઉન્ટિંગમાં જે તકલીફ અને મોડું થાય છે, તેના સ્થાને નવયુગ તેમજ દરેક સંલગ્ન સંસ્થા ના PAN CARD સમાજ સુરક્ષા યોજનાની જેમ અલગ કરો તો એકાઉન્ટિંગમાં ઘણી રાહત થાય. આ બાબતે દરેક સભ્ય વિચારી રાખે હાલમાં આપણે એ ચર્ચા કરતા નથી.

પ્રમુખશ્રી હેમંતભાઈ એ જણાવ્યું કે, સંલગ્ન સંસ્થાના હોદેદારો આપણા બેન્ક એકાઉન્ટ હવે કરંટ ખાતામાં તબદીલ થતા સેવિંગ્સ ખાતામાં મોટી રકમ ના રાખતા વધારાની રકમ ને ફિક્સ ડિપોઝિટ અથવા મ્યુચુઅલ ફંડ જ્યાં વધારે વ્યાજ મળી શકે ત્યાં રોકાણ કરશો .

પ્રમુખશ્રી હેમંતભાઈએ જણાવ્યું કે, સભ્ય દીઠ રૂપિયા ૨૦.૦૦ મહામંડળમાં જમા કરાવવાનું નક્કી થયેલ હતું, હજુ સુધી 12 એકમોની સભ્ય ફી આવી ગઈ છે,તેમજ અન્ય એકમોએ હજુ સુધી સભ્ય ફી આપેલ નથી તે માટે

શું કરવું ? નહિ

ભરેલ એકમમાં મોટા તેમજ નાના એકમ ઘણા છે .ચર્ચા કરતા ખબર થઈ કે ચીખલી એકમ બંધ થયું છે જયારે ખડસુપા નવસારી એકમ સાથે જોડાય ગયેલ છે. નાના એકમ છે એટલે ફી તો 100- 200 જ આવશે પણ રેકોર્ડ પૂર્ણ થતા નથી એટલા માટે આ જરૂરી છે.

પ્રમુખશ્રી હેમંતભાઈએ જણાવ્યું કે, આજે પણ શ્રી કિરણભાઈ નો મેસેજ હતો કે 12-એ સિર્ટીફીકેટ માટે મહામંડળને ઇન્ટરેસ્ટ નથી કે શું ? પણ ,૧૨ -એ સિર્ટીફીકેટ માટે આપણા ચાર્ટડ એકાઉન્ટ નું કહેવું છે કે હવે તો ઓન લાઈન મળી જાય છે, પણ તમારો નફો પ્રોફિટ એટલો નથી એની અંદર દર ત્રણ વર્ષે બુક્સ ઓફ એકાઉન્ટ ત્યાં સબમિટ કરવા પડે અને હાલમાં નવયુગમાં જે પરિસ્થિતિ થઇ તે વખતે આપણને તકલીફ થઇ શકે. તેથી આપણે 12-એ સિર્ટીફીકેટ માટે કાર્યવાહી કરી નથી. બીજું, ૧૦ લાખનું બોન્ડમાં રોકાણ માટે સામાન્ય સભામાં ચર્ચા કરી લેવાનું નક્કી કરેલ હતું ,પણ તે બાબતે ઈન્કવાયરી કરતા માલુમ થયેલ કે તે ગવરમેન્ટ બૉન્ડ તેથી રોકાણ કરેલ નથી, જેની જાણ વોટ્સ ગ્રુપ માં કરેલ હતી.

મુંબઈથી ડૉ.ભુપેન્દ્રભાઈ પંચોલીએ પણ સમાજ સુરક્ષા યોજનાની જેમ દરેક સંલગ્નના એકાઉન્ટ અલગ કરવાની

વાતને અનુમોદન આપી તે મુજબ આગળ વધવા માટે જણાવ્યું. ત્યારબાદ આ મુદ્દા ઉપર પ્રમુખશ્રી, ડૉ.મહેશભાઈ, ડૉ.ભુપેન્દ્રભાઈ પંચોલી, ખજાનચીશ્રીએ વિસ્તુત ચર્ચા વિચારણા કરતા સર્વ સમંતિથી એવું નક્કી કરવામાં આવ્યું કે "સામાન્ય સભાના એજન્ડામાં લઈ સામાન્ય સભા ની મંજૂરી થી આગળ વધવું "

એજન્ડા નંબર ૮:- વૉટ ઓફ થૅન્ક્સ ઉપપ્રમુખશ્રી

ઉપપ્રમુખ શ્રી મુકેશભાઈ પી. પંચોલીએ રવિવારની સવારે,આજની ડિજીટલ ઓન લાઈન ,શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની કારોબારીની મિટિંગમાં 25થી વધુ હાજર દરેક સભ્ય, તેમજ પ્રમુખશ્રી , ડૉ.મહેશભાઈ,ડૉ ભુપેન્દ્રભાઈ,મહામંત્રીશ્રીએ ખુશનુમા વાતાવરણમાં, વિચારોના યોગદાનની આપ-લે થકી સમાજ માટે યોગ્ય નિર્ણય લેવામાં સહયોગ આપ્યો તે બદલ સર્વેનો હૃદયપૂર્વક આભાર માન્યો. ત્યારબાદ બહુ જલ્દીથી આવનારી સામાન્ય સભા ફિઝિકલી મળે તેવી મહેચ્છા વ્યક્ત કરી.

પ્રમુખશ્રી હેમંતભાઈ સી. મિસ્ત્રીએ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની વર્ષ ૨૦૨૧-૨૨ કારોબારીની મિટિંગ પૂર્ણ થયાની જાહેરાત કરી.

-નીશીકાંત બી.મિસ્ત્રી

મહામંત્રી, શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ.

આ ડ્રાફટ મીનીટ્સ માં હાજર રહેલ સભ્યો ને વિનંતી કે ઉપરોક્ત બાબતમાં કોઈપણ રજુઆત હોય તો મુદ્દાસર, લેખિતમાં પત્ર દ્વારા જ , મહામંત્રી શ્રીને જાણ કરવા વિનંતી. કોઈપણ સોસીયલ મીડિયા (સામાજિક નેટ વર્ક ઉપર ) મારફતે આવેલ રજૂઆતને ધ્યાન ઉપર લેવામાં આવશે નહિ તેની ખાસ નોંધ લેશોજી.

## શ્રી સુરત પંચોલી જ્ઞાતિ સમસ્ત પંચ

શ્રી સુરત પંચોલી જ્ઞાતિ સમસ્ત પંચને સુરત નિવાસી શ્રી અશ્વિનભાઈ મનહરલાલ પંચોલી રૂા. ૫,૦૦૦/-નું દાન શૈક્ષણિક સહાયમાટે આપ્યુ છે...

શ્રી સુરત પંચોલી સમસ્ત પંચ શ્રી અશ્વિનભાઈ પંચોલીનો ખૂબ ખૂબ આભાર માને છે...

## શ્રી પંચોલી સેવા મંડળ-રાજપીપલા

સ્વર્ગસ્થ ઠાકોર ભાઈ વિઠ્ઠલભાઈ પંચોલી ની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે 500/- રૂપિયાનું દાન તેમના પુત્ર ધવલભાઈ તરફથી પંચોલી સેવા મંડળ ને ભેટ મળેલ છે દાતા નો ખુબ ખુબ આભાર

# આપણું કામ પુરું થયુ....

પલ્લવી જીતેન્દ્ર મિસ્ત્રી
અમદાવાદ

-રાતના નવ વાગવા આવ્યા, હજી સુધી અમુનો ફોન નથી આવ્યો. આ છોકરીને એમ પણ નથી થતું કે મમ્મી ચિંતા કરતી હશે, લાવ

દિવસના અંતે એક ફોન તો કરું. આ તો જાણે પરણ્યા એટલે પારકા લાડી ! હજી સાસરે ગયાને એક વરસ પણ નથી થયું, અને

પિયરીયા ભુલાવા માંડ્યા. તો પછી આગળ જતાં છોકરા છૈયા થશે ત્યારે તો આપણને સાવ જ ભૂલી જશે કે શું ?

રસોડાનું કામ પતાવીને સુમનબહેન નેપકીનથી હાથ લૂછતા લુછતા ડ્રોઇંગ રૂમમાં આવ્યા, અને ત્યાં સોફામાં બેસીને ટી. વી. જોઈ રહેલા પતિ રમેશભાઈ તરફ જોઇને બળાપો કાઢતા કહ્યું.

- સુમી, તું રસોડામાં જઇને બેસ ને, પ્લીઝ. રમેશભાઈએ પત્ની તરફ જોઇને કહ્યું.

-કેમ, હું બોલું છું તો તમને ટી. વી. જોવામાં ડીસ્ટર્બ થાય છે ? સુમનબહેને જરા ચીઢાઇને પૂછ્યું.

-ના, સુમી. તું બોલે છે તે મને ડીસ્ટર્બ નથી થતું. તો પણ હું કહું છું એમ કરને, તું રસોડામાં જઇને બેસ. રિમોટથી ટી. વી. નું વોલ્યુમ ઓછું કરીને રમેશભાઇ બોલ્યા.

-મને તમારી વાત સમજાઈ નહીં. રસોડાનું બધું જ કામ પતી ગયું છે, તો પછી હવે ખાલી ખાલી ત્યાં જઇને બેસવાનો શું મતલબ ?

-મારું પણ એ જ તો કહેવું છે, સુમી. આપણે આપણી દીકરી અમૃતાને સારી રીતે ઉછેરીને મોટી કરી, સારા સંસ્કાર આપ્યા, ભણાવી ગણાવી, સારે ઘેર પરણાવી. હવે એ પોતાના સંસારમાં વ્યસ્ત છે, સુખી છે. એટલે હાલ પુરતું તો આપણું કામ પૂરું થયું. જેમ રસોડાનું કામ પતી જાય ત્યારે તું એમાંથી બહાર નીકળી જાય છે, તેમ માબાપ તરીકેનું આપણું કામ પતી જાય, પછી રોજેરોજ સંતાનોના સંસારમાં જઇને બેસવાને બદલે માબાપે એમાંથી બહાર નીકળી જવું જોઇએ. મારી વાત સમજાય છે તને ?

સમજદાર સુમનબહેન પતિના કહેવાનો મતલબ સમજી ગયા. એમણે રમેશભાઈની સામે જોઇને હકારમાં ડોકું ધુણાવ્યું. પછી એક નાનકડું સ્માઇલ આપીને, ત્યાં ટીપોઇ પર પડેલું મેગેઝીન લઇને બપોરે અધુરી મુકેલી વાર્તા પૂરી કરવામાં એમણે પોતાનું ચિત્ત પરોવ્યું.

# જિંદગી

જિંદગી તે હસતાં ને રડતાં શીખવ્યું
તે હારતા ને જીતતા શીખવ્યું
આંસુ ને છુપાવતા શીખવ્યું
ને હસતી આંખે રડતાં શીખવ્યું
સાચું બોલતા શીખવ્યું
ને જુઠ્ઠા ને પછાડતા શીખવ્યું
તે ઘણા સબક આપ્યા ને એ
સબક મા થી નવું કંઇ શીખવાનું પણ શીખવ્યું
ઉલઝનો મા પણ ફસવ્યાને
સુલઝાવતા પણ શીખવ્યું
જિંદગી તે તો જીવતા શીખવ્યું

કામીની ગજ્જર સુરત

# સંસ્થા સમાચાર

## સ્વર યુથ-વ્યારા



સ્વર યુથ-વ્યારાની પ્રથમ સામાન્ય સભા તા. ૧.૮.૨૦૨૧ના રોજ પંચોલી વાડીમાં રાખવામાં આવી હતી. જેમાં 'ફ્રેન્ડશીપ ડે'ની ઉજવણીના ભાગ રૂપે મળી હતી. ઉપપ્રમુખ શ્રીમતિ નેહાબેન પંચોલી દ્વારા દરેકને શાબ્દીક આવકાર આપવામાં આવ્યો. પ્રમુખશ્રી નૈષધભાઇ પંચોલી તરફથી પ્રવાસ, ગણેશ ચતુર્થી જેવા કાર્યક્રમ વિષે ટુંકમાં જણાવવામાં આવ્યું. આવનારા દિવસોમાં વિવિધ કાર્યક્રમની ઉજવણી કરવા માટે જણાવ્યું હતું.

ફ્રેન્ડશીપ ડે ની ઉજવણીના ભાગ રૂપે દરેક સભ્યો પાસે ગીફટ મંગાવી સંગીત ખુરશી રમાડવામાં આવી. દરેક સભ્યોએ ગીફટની અદલાબદલી કરી અને ફ્રેન્ડશીપ બેલ્ટ બાંધીને આ દિવસની ઉમળકાભેર ઉજવણી કરી હતી.

સંગીત ખુરશીના વિજેતા આકાશ પંચોલી, તેજ પંચોલી તથા યશ પંચોલી થયા હતાં. ત્યારબાદ અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા.

તા. ૧૫ ઓગસ્ટના રોજ સ્વર યુથના સભ્યો દ્વારા ઝંડાચોકમાં ધ્વજવંદન કરી સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી હતી..

## શ્રી લીલાવતી છગનલાલ ફંડ-મુંબઈ

શ્રી લીલાવતી છગનલાલ ફંડના ૨૧માં વર્ષે ખૂબ જ સુદર પ્રતિસાદ મળ્યો. જેમાં આ વર્ષે કુલ્લે ૭૮ અરજીઓ મળી હતી અને દરેક અરજીઓને માન્યતા અપાઇ હતી.

લીલાવતી ફંડના સંચાલકો દ્વારા આ વર્ષની પરિસ્થિતિને અનુલક્ષીને સભ્યોની હસ્તાક્ષર વિનાની અરજીઓ વોટસએપથી સ્વીકારીને માન્યતા આપેલ હતી. તેમજ સમય મર્યાદા બાદ મળેલ અરજીઓની ગરીમા જાળવી માન્યતા અપાઇ હતી. કુલ્લે ૭૮ અરજીઓ આવી હતી. જેમાં ૧૫ નિરાધાર સહાય, ૪૦ વિધવા સહાય, ૧૯ ઉચ્ચ શૈક્ષણિક સહાય(૯ વિદ્યાર્થી અને ૧૦ વિદ્યાર્થીની) ૩ વૈદિક સહાય અને ૧ વિકલાંગ સહાય. ઉપરોકત અરજીઓ મંજુર કરવામાં આવી હતી.

આ સહાયમાં મુખ્યત્વે ૧૦-મુંબઇ, ૮-બીલીમોરા, ૨-ગણદેવી, ૧-ઉનાઇ, ૨-અજરાઇ, ૫-નવસારી, ૭-વ્યારા, ૧૦-સુરત, ૩-અંકલેશ્વર, ૨-ભરૂચ, ૮ -બરોડા, ૭-રાજપીપલા, ૨-છોટાઉદેપૂર, ૨-સંખેડા, ૫-અમદાવાદ, અને ૪-મહેસાણાથી અરજીઓ આવી હતી. આમ અલગ અલગ ૧૬ વિવિધ એકમોના સભ્યોને લાભ આપ્યા છે. આ વર્ષે માન્ય કરવામાં આવેલ દરેક અરજીના સભ્યોને રૂા. ૮૦૦/-ની સહાય આપવામાં આવેલ છે. ઉપરોકત સહાય જે તે એકમના દરકે અરજદારોના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવેલ છે..

## પંચોલી સમાજ-વડોદરા

૨૫૦/- વડોદરા નિવાસી જયરાજભાઇ એ. પંચોલી(વકીલ)ને ત્યાં પૌત્રી 'ચિ. ઇવા'ના જન્મની ખુશાલી નિમિત્તે.. પંચોલી સમાજ વડોદરાને ભેટ મળ્યા.

## તેજસ્વીની મહિલા મંડળ-વડોદરા

તેજસ્વીની મહિલા મંડળ વડોદરાની જુલાઇ માસની ઓન લાઇન મિટિંગ તા. ૨૯.૭.૨૦૨૧ને શુક્રવારના રોજ બપોરે ૫ થી ૬ દરમ્યાન રાખવામાં આવી.

જુલાઇ માસના પ્રોજેકટ અને મકાઇની વાનગી ની કોમ્પીટીશન રાખવામાં આવી હતી. જેમાં બહેનોએ મકાઇ માંથી બનતી વિવિધ સ્વાદિષ્ટ વાનગી ઓ બનાવી હતી. આ કોમ્પીટીશન ના નિર્ણાયક તરીકે શીલાબેને સેવા આપી હતી. જેના પ્રથમ વિજેતા

આનંદીબેન અને દ્વિતીય વિજેતા નિકુંજબેન અને તૃતીય વિજેતા જ્યોતીબેન થયા હતા.







સુંદર વાનગીઓ બનાવી કોમ્પીટીશનમાં ભાગ લેવા બદલ સૌનો આભાર માન્યો હતો તથા વિજેતા બહેનોને અભિનંદન પાઠવ્યા હતા.

રૂા. ૨૫૦/- જયરાજભાઇ એ પંચોલી-દાદા અને હર્ષાબેન - દાદી તરફથી પૌત્રી ઈવાના જન્મ નિમિત્તે ભેટ મળ્યા... આભાર..

તેજસ્વી મહિલા મંડળ વડોદરાની ઓગસ્ટ માસની મિટિંગ તા. ૧૬.૮.૨૦૨૧ના રોજ બપોરે ૩.૦૦ થી ૬.૦૦ કલાક દરમ્યાન ઓનલાઇન કરવામાં આવી.

૧૫મી ઓગસ્ટની ઉજવણી અને પ્રોજેક્ટ અનુસાર રક્ષાબંધન થાળી ડેકોરેશનની સ્પર્ધા રાખવામાં આવી હતી. કારોબારીની બધી બહેનોએ સુંદર થાળી ડેકોરેશન કરી પોતપોતાના ફોટા સાથે રજુ કરી હતી. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રજ્ઞાબેને સેવા આપી હતી. આ સ્પર્ધાના વિજેતા પ્રથમ જ્યોત્સનાબેન, દ્વિતીય લીનાબેન થયા હતા.

થાળી ડેકોરેશનમાં ભાગ લેનાર તમામનો સુરેખાબેને આભાર વ્યકત કર્યો હતો અને વિજેતા બહેનોને અભિનંદન પાઠવ્યા હતા.


૧૫ ઓગસ્ટની ઉજવણીમાં બધી બહેનોએ પોપપોતાના ઘરે રાષ્ટ્રધ્વજને સલામી આપી દેશના શહિદોને શ્રધ્ધાંજલી આપી હતી.

તેજસ્વી મહિલા મંડળ વડોદરાની ઓગસ્ટ માસની મિટિંગ તા. ૨૯.૮.૨૦૨૧ના રોજ બપોરે ૪.૦૦ થી ૭.૦૦ કલાક દરમ્યાન ઓનલાઇન કરવામાં આવી.

૧૫મી ઓગસ્ટમાં આવતા તહેવારોને અનુરૂપ તથા પ્રોજેક્ટ અનુસાર જન્માષ્ટમી પારણા ડેકોરેશનની સ્પર્ધા રાખવામાં આવી હતી. કારોબારીની બધી બહેનોએ સુંદર કનૈયા સાથે પારણાની સજાવટ કરી પોતપોતાના ફોટા સાથે રજુ કરી હતી. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે જ્યોત્સનાબેને સેવા આપી હતી. આ સ્પર્ધાના વિજેતા પ્રથમ આનંદીબેન, દ્વિતીય જ્યોતિબેન થયા હતા.

પારણા ડેકોરેશનમાં ભાગ લેનાર તમામનો સુરેખાબેને આભાર વ્યકત કર્યો હતો અને વિજેતા બહેનોને અભિનંદન પાઠવ્યા હતા.

## પંચોલી મહિલા મંડળ-અંકલેશ્વર



પંચોલી મહિલા મંડળ અંકલેશ્વરની જુન મહિનાની મિટિંગ તા. ૨૫.૦૬.૨૦૨૧ના રોજ વોટસએપ ગૃપ દ્વારા રાખવામાં આવી હતી. જેમાં સામાન્ય જ્ઞાન, મહેંદી ફોટોગ્રાફસ તથા વટસાવિત્રીના ફોટા મુકયા હતા. જેમાં ૧૫ બહેનોએ ભાગ લીધો હતો.

જુલાઇ ૨૪.૦૭.૨૦૨૧ના રોજ વોટસએપ ગૃપ મિટિંગ રાખવામાં આવી હતી. જેમાં બહેનોએ મેરેજના તથા હમણાના ફોટોગ્રાફસ તથા મકાઇમાંથી બનતી વાનગી મુકવામાં આવી હતી. આ મિટિંગમાં ૧૩ બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

તા. ૭.૮.૨૦૨૧ના રોજ જરૂરીઆતમંદોને કપડાનું

વિતરણ કરવામાં આવ્યું હતું.

તા. ૩૧.૮.૨૦૨૧ના રોજ બપોરે ૪ થી ૬ સુધીમાં ગ્રુપ મિટિંગ રાખવામાં આવી હતી. તેમાં વિવિધ કોમ્પીટીશન રાખવામાં આવી હતી જેવી કે વિવિધ રીતની સાડી પરિધાન કરવી. ગીફ્ટ પેકીંગ, રક્ષાબંધન થાળી શણગાર તથા જન્માષ્ટમી નિમિત્તે પારણા શણગાર... આ કોમ્પીટીશનના જજ તરીકે વંદનાબેન શાહે સેવા આપી હતી.

સાડી પરિધાન : દક્ષાબેન દિનેશભાઇ મિસ્ત્રી-પ્રથમ, જાગૃતિબેન ગોપાલભાઇ પંચોલી-દ્વિતીય અને બિનિતાબેન હેમેન્દ્રભાઇ પંચોલી-તૃતીય

રક્ષાબંધન થાળી શણગાર : ભાવના મલય મિસ્ત્રી-પ્રથમ, દક્ષાબેન દિનેશભાઇ મિસ્ત્રી-દ્વિતીય અને કેતકી જેસલ મિસ્ત્રી-તૃતીય

હિંડોળા શણગાર : દક્ષાબેન દિનેશભાઇ મિસ્ત્રી-પ્રથમ, ભાવના મલય મિસ્ત્રી-દ્વિતીય અને નીપા મૌલિક મિસ્ત્રી-તૃતીય

ગીફ્ટ પેકીંગ : બિનીતાબેન હેમેન્દ્રભાઇ પંચોલી -પ્રથમ, ભાવના મલય મિસ્ત્રી-દ્વિતીય અને મીરાબેન મહેશભાઇ મિસ્ત્રી-તૃતીય વિજેતા થયા હતા..

શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વર તરફથી વિજેતાઓને ઇનામથી નવાજ્યા અને ભાગ લેનાર તમામને આશ્વાસન ઇનામો આપી પ્રોત્સાહિત કર્યા...વિજેતા બહેનોને અભિનંદન... બધી બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ માસમાં આવતી બર્થડે અને એનીવર્સરીની શુભેચ્છાઓ પાઠવી. અંતમાં ફરી નવી કોમ્પીટીશન સાથે મળવાનું નક્કી કરી છુટા પડ્યા.

## પંચોલી ભગીની સમાજ-રાજપીપલા

પંચોલી ભગીની સમાજ રાજપીપલાની મે માસની મિટીંગ ઓનલાઇન કરવામાં આવી. મે મહિના ના પ્રોજેક્ટ અનુસાર મધર્સ ડેની ઉજવણી કરી હતી. સર્વે બહેનોએ પોતાની વહુ સાથે મધર્સ ડે ઉજવી મધર્સ ડે ગીફ્ટ આપી સન્માન કર્યુ હતું. ત્યારબાદ વોશેબલ ટેટુનો પ્રોજેક્ટ કર્યો હતો. કાપડ પર ફેબ્રીક કલરથી ડીઝાઇન કરી વોટસએપ પર એક્ટીવીટીના ફોટા મુકયા હતા.

તા. ૧૪.૫.૨૧ના રોજ આવતી પરશુરામ જયંતિ વિશે બે શબ્દો કહ્યા.

ભગીની સમાજ રાજપીપલાની જુન માસના પ્રોજેક્ટ ૧૭ જુનના દિવસે અથાણા પ્રોજેક્ટ કર્યો જેમાં રેસીપી સાથે અથાણાના પીક ડેકોરેશન સાથે વોટસએપ પર મુકયા. તા. ૨૦ જુને ફાધર્સ ડેની ઉજવણી કરી ૨૧ જુને યોગ ડે આવતો હોય એ પણ વિવિધ યોગો આસન સાથે રજુ કર્યા.અને વૃક્ષારોપણ પણ બહેનોએ પોતાના ઘરે કર્યુ.

જુલાઇ માસની મિટિંગમાં મકાઇની વાનગી અલગ અલગ ડેકોરેશન અને વોટસ એપ પર ફોટા શેર કર્યા. વર્ષાઋતુમાં પાણીમાં ભીનાઇને ગીતો ગાવાનો અને નાવડી પાણી સાથે આનંદ લઇ ફોટા તથા વિડીયો શેર કર્યા. છત્રી શણગાર ડેકોરેશન રાખ્યું. પોતાના લગ્ન વખતેના અને અત્યારના ફોટાઓ સાથે જુની યાદો કરી આનંદ લીધો. ગૌરી વ્રતની ઉજવણી કરી કુવારીકા બાળાઓને વમાડી ગેમ રમાડસ અને ગીફ્ટનું વિતરણ કર્યુ. સમાજની બહેનાના સહકારથી અલુણાની ઉજવણી કરી ગૌરીવ્રત નિમિત્તે નીચે મુજબ દાન મળ્યું.

૧૦૦ હિનાબેન પંચોલી, ૧૦૦ ગીતાબેન પંચોલી અને ૫૦ જયાબેન મિસ્ત્રી તરફથી મળ્યા... ૫૦૦ દક્ષાબેન શબ્દશરણ પંચોલી તરફથી ચેતનલાલ ધીરજલાલ પંચોલીના સ્મરણાર્થે દાન મળ્યું... દાતાઓનો આભાર માન્યો.

ચોમાસાની ઋતુ હોવાથી ભજીયા અને ચટણીની હરિફાઇ રાખી ફોટા અને વિડિયો રજુ કર્યા હતાં.

ઓગસ્ટ મહિનામાં આવતા પ્રોજેક્ટ અનુસાર અલગ અલગ સ્ટાઇલમાં સનડી હરિફાઇ તથા ઘરે પોતાની એક્ટીવીટી પ્રમાણે ગીફ્ટ બોક્ષ બનાવી ઓનલાઇન વોટસએપ કર્યા. શ્રીવણ માસમાં ભાઇ-બહેનનો પવિત્ર તહેવાર રક્ષાબંધન આવતો હોવાથી રક્ષાબંધનની થાળી

ડેકોરેશન કરી અને એક્ટીવીટી શેર કરી.

તા. ૩૦.૦૮.૨૦૨૧ના દિને જન્માષ્ટમી આવતી હોવાથી કૃષ્ણજનમના પારણા ડેકોરેશનનો પ્રોજેક્ટ મહિલા સંગઠન તરફથી આપેલો હોવાથી સર્વે બહેનો પોતાના ઘરે કૃષ્ણજન્મજી ઉજવણી કરી અને પારણા શણગારના ફોટા અને વિડીયો દરેક બહેનોએ શેર કર્યા. તગા કૃષ્ણજન્મને વિવિધ ભજનોની રમઝટ દ્વારા વધાવવામાં આવ્યો. અંતમાં સૌનો આભાર વ્યકત કરી મિટિંગ પુરી કરવામાં આવી હતી.

# પંચોલી સમાજ-અમદાવાદ

વિદ્યાર્થીઓના પરિણામ નીચે મુજબ છે.


ધો.10 1. સ્વધા મિતેશ પંચોલી ------- 83%
2. જય અતુલ પંચોલી --------- 45%

ધો.12 1. હેતા અતુલ પંચોલી -------- ગ્રેડ - ડી
2. રિધ્ધી નિરજ પંચોલી --- 85% (કોમર્સ)

નિલ ભૂપેન્દ્ર પંચોલી ----------- B.Sc (71%)

ઉપરોક્ત વિદ્યાર્થીઓને સ્પેશિઅલ ઇનામ તેમજ અન્ય વિદ્યાર્થીઓને મંડળ તરફથી પુસ્તકો માટે રોકડ રકમ આપવામાં આવી છે.

# અભિનંદન



બોડેલી નિવાસી અને યુવા કાર્યકર શ્રી કમલેશભાઇ આર પંચોલીની વરણી ગુજરાત પ્રદેશ ભાજપના બક્ષી પંચ મોરચાના કારોબારી સભ્ય તરીક થતા સમગ્ર પંચોલી સમાજ ગૌરવ સાથે આનંદની લાગણી અનુભવે છે..

સમગ્ર પંચોલી સમાજ કમલેશભાઇને હાર્દિક શુભેચ્છાઓ સહ અભિનંદન પાઠવે છે..



પાનવડ નિવાસી શ્રીમતિ આશાબેન રમેશચંદ્ર પંચોલી મહિલા મોરચા જીલ્લા ઉપપ્રમુખ તરીકે વરણી થઇ છે... તથા મહિલા સુરક્ષા સમિતિ અને મહિલા બાળવિકાસ સભય તરીકે વરણી થતા સમગ્ર પંચોલી સમાજ આનંદની અને ગૌરવની લાગણી અનુભવે છે.

સમગ્ર પંચોલી સમાજ આશાબેનને હાર્દિક શુભેચ્છાઓ સહ અભિનંદન પાઠવે છે..

# દિપોત્સવી અંક-૨૦૨૧

જ્ઞાતિજનો....

દિવાળી આવી જ રહી છે.... નવયુગ પણ દિવાળી અંકની તૈયારી કરી રહ્યું છે..

આ અંકમાં દિપોત્સવી અંકમાં જાહેરાત આપવા માટે ફોર્મ આપ્યું છે. ભરીને મોકલી આપો.. આપના એકમમાંથી આપની પાસે કોઇ જાહેરાત લેવા આવે કે ના આવે... આપ ફોર્મ ભરો.. મોકલી આપો... પૈસા ઓનલાઇન મોકલી શકો છો... કેટલું સરળ થઇ ગયું....

બધુ જ ઓન લાઇન તો જાહેરાત અને પેમેન્ટ પણ ઓનલાઇન કરી જ શકો છો.... આ વર્ષે મન મુકીને દિલથી જાહેરાત આપજો... નવયુગને પગભર કરવાની તક જો મળી છે... જાહેરાત ના આપો તો ૧૦૦ કે ૨૦૦ યથાશકિત ભેટ તો મોકલી જ આપશો...આટલી અપેક્ષા તમારી પાસે રાખી શકું છું ને ?

દિનેશ એમ. મિસ્ત્રી
નવયુગ - તંત્રી

# આપણું ગૌરવ



સુરત નિવાસી શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના ખજાનચી શ્રી ઉમેશભાઇ બી. પંચોલીના સુપુત્ર ચિ. જીગર પંચોલીએ ગાંધીગ્રામ હિમાચલ પ્રદેશમાં યોજાયેલ ૧૧મી કુડો નેશનલ ટુર્નામેન્ટમાં Male Above 21 Senior PI-230 કેટેગરીમાં બીજા ક્રમે આવી સીલ્વર મેડલ મેળવ્યો છે..

ફસ્ટ કુડો ફેડરેશન કપ-૨૦૨૧ ટુર્નામેન્ટમાં Male Above 21 Senior PI-230 કેટેગરીમાં બીજા ક્રમે આવી સીલ્વર મેડલ મેળવ્યો છે..

ચિ. જીગરે બે સીલ્વર મેડલો મેળવી સમગ્ર પંચોલી સમાજ, એમના માતા-પિતા અને સુરતને ગૌરવ અપાવ્યું છે... ખુબ ખુબ અભિનંદન... સહ ઉત્તરોત્તર પ્રગતિ માટેની હાર્દિક શુભેચ્છાઓ....



# શતમ્ જીવમ્ શરદઃ

સુરત નિવાસી શ્રી રાજેન્દ્રભાઇ જે. મિસ્ત્રી તરફથી એમની ૮૦મી વર્ષગાંઠ નિમિત્તે પંચોલી નવયુગને રૂ઼ ૧૦૦૧/- ભેટ મળ્યા છે...
૮૦મી વર્ષગાંઠની હાર્દિક શુભેચ્છાઓ...સહ અભિનંદન




નમ્રતા, વિવેક અનુ સહનશિલતાના સદાચારી એવા વ્યારા નિવાસી શ્રી રામુભાઇ નાથુભાઇ પંચોલી તા. ૧૬.૯.૨૦૨૧ના રોજ ૯૧મા વર્ષમાં પ્રવેશ નિમિત્તે રૂા. ૩૦૧ નવયુગ ભેટ........આભાર



# અનુકરણિય

વડોદરા નિવાસી નારાયણદાસ ડાહ્યાભાઇ પંચોલી તરફથી રૂા. ૧,૧૦૦/- પંચોલી નવયુગને શુભેચ્છા ભેટ



# દિપોત્સવીઅંક-૨૦૨૧ અંક

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ☐ | દિપોત્સવી નવયુગ અંક અર્પણ | ₹ ૩,૦૦૦/- | ☐ | મલ્ટીકલર | ₹ ૭,૦૦૦/- |
| ☐ | કલર પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૨,૦૦૦/- | ☐ | બીજુ કવરપેજ | ₹ ૯,૦૦૦/- |
| ☐ | સાદુ પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૫૦૦/- | ☐ | ત્રીજુ કવરપેજ | ₹ ૮,૦૦૦/- |
| ☐ | અડધુ પેજ (એક ફોટા સાથે-૮૦૦/-) | ₹ ૭૫૦/- | ☐ | ચોથુ કવરપેજ | ₹ ૧૦,૦૦૦/- |
| ☐ | પા પેજ (ફોટા સાથે-૪૫૦) | ₹ ૪૫૦/- | | | |

**(પા પેજ, અડધા કે આખા પેજ માં એક થી વધુ ફોટાના ફોટા દીઠ ૫૦ રૂા. વધારે આપવાના રહેશે.)**

આ સાથે ઉપર ☑ કરેલ જાહેરાતના રૂા....................રોકડા (શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/C પંચોલી નવયુગ ના નામે બેંક ઓફ બરોડા-અંકલેશ્વર ના સેવિંગ્સ ખાતા નં **02210100057495, IFSC : BARB0ANKLES** માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો.) (IFSC CODE માં પાંચમો ડીજીટ ઝીરો છે..)

શુભેચ્છા સંદેશ : ..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

ઘરના સભ્યો ના નામો. (૧)..........................................................................

(૨)........................................................ (૩) ........................................................

(૪)........................................................ (૫) ........................................................

(૬)........................................................ (૭) ........................................................

(૮)........................................................ (૯) ........................................................

સરનામુ : ..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

પીન ....................................... ફોન : (ઘર)................................(ઓ)................................

મોબાઇલ ..........................................................................................................

**પા પાનાની જાહેરાતમાં લિમીટેડ મેટર લેવામાં આવશે.**

પ્રમુખ/મંત્રી/ખબરપત્રી તથા જ્ઞાતિજનોને વિનંતી કે આપની જાહેરાત આ ફોર્મમાં ભરીને જ મોકલવા વિનંતી

**આપની જાહેરાત મોકલવાની છેલ્લી તા. ૧૦.૧૧.૨૦૨૧ પહેલા મોકલાવશો...**

**જાહેરાત મોકલવાનું સ્થળ તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી**

અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩ અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, ડૉ. બેંક રોડ, જી.આઇ.ડી.સી. અંકલેશ્વર

**મો : ૯૮૨૪૧ ૭૧૯૩૦, ૯૮૨૪૦ ૬૪૨૮૨**


**વધારાની મેટર પાછળ લખી મોકલશો.....**

# એકવાર જાવુ હરીના ધામમાં



સુરત નિવાસી ભાવિક ભુપેન્દ્રભાઇ જરીવાલા તા. ૬.૭.૨૦૨૧ના રોજ હરીના ધામમાં ગયા...


અમદાવાદ નિવાસી દિનેશભાઇ દલસુખભાઇ પંચોલી તા. ૨૭.૭.૨૦૨૧ના રોજ હરીના ધામમાં ગયા...






સુરત નિવાસી ગુલાબભાઇ અંબાલાલ મિસ્ત્રી તા. ૩૧.૮.૨૦૨૧ ના રોજ હરીના ધામમાં ગયા...

નવાપુર નિવાસી રતિલાલ નાનુભાઇ પંચોલી તા. ૨૦.૭.૨૦૨૧ ના રોજ હરીના ધામમાં ગયા...






સંખેડા નિવાસી ભુપેન્દ્રભાઇ કાંતિલાલ પંચોલી ૨.૫.૨૦૨૧ ના રોજ હરીના ધામમાં ગયા...
ઉ.વ. ૬૨

સુરત નિવાસી કલાબેન ધનસુખલાલ પંચોલી તા. ૮.૮.૨૦૨૧ના રોજ હરીના ધામમાં ગયા...





નવાપુર નિવાસી ઇન્દ્રવદનભાઇ એમ. મિસ્ત્રી(બાબુભાઇ) તા. ૩૦.૮.૨૦૨૧ના રોજ હરીના ધામમાં ગયા...

ઉનાઇ નિવાસી નીલાબેન દિલીપભાઇ પંચોલી તા. ૩૦.૦૬.૨૦૨૧ના રોજ હરીના ધામમાં ગયા...





વડોદરા નિવાસી સતિષચંદ્ર નટવરલાલ પંચોલી તા. ૨૬.૦૭ .૨૦૨૧ના રોજ હરીના ધામમાં ગયા...

સુરત રામપુરા નિવાસી નિવાસી કુંદનબેન રમણીકલાલ પચ્ચીગર તા. ૩.૦૯.૨૦૨૧ના રોજ હરીના ધામમાં ગયા...



## ટીપે ટીપે સરોવર ભરાય

રૂા. ૨૫૧/- વડોદરા નિવાસી સ્વ. સતિષચંદ્ર નટવરલાલ પંચોલી ના સ્મરણાર્થે પરિવારજનો તરફથી

રૂા. ૨૫૦/- ભરૂચ(રાજપીપલા) નિવાસી ગં.સ્વ. જ્યોતિષબેન ઠાકોરભાઇ પંચોલી પરિવાર તરફથી સ્વ. ઠાકોરભાઇ વિઠ્ઠલદાસ પંચોલીની પ્રથમ પૂણ્યતિથિ નિમિત્તે.

રૂા. ૧૫૧/- વડોદરા નિવાસી શ્રીમતિ હર્ષાબેન તથા જયરાજભાઇ અં પંચોલી-વકીલને ત્યાં પૌત્રી 'ઇવા'ના જન્મની ખુશાલીમાં નવયુગ ભેટ

રૂા. ૨૫૧/- સુરત નિવાસી દિપકભાઇ એસ. ગાંધી તરફથી તેજલબેન ગાંધીની વર્ષગાંઠ નિમિત્તે.

# ફોટો ફ્રેમ

મે આઇ કમ ઈન સર?" એક ટહુકો ગૂંજ્યો અને ફેનિલે કામ કરતાં કરતાં ઊંચે જોયા વગર જ "યસ, પ્લીઝ" કહ્યું.

"પ્લીઝ બી સીટેડ." એણે આવનાર વ્યક્તિને કહ્યું. આવનારા ટહુકાએ સામેની ખુરશી પર બેસી આમતેમ નજર ફેરવી. એટલી વારમાં ફેનિલે કામ પૂરું કરી એની સામે જોયું.

"તમે?" એટલું બોલી ફેનિલ આવનારા ટહુકાને જોતો જ રહી ગયો. હુબહુ પ્રતિબિંબ જ જાણે. એ એને જોતો જ રહી ગયો.

"સર, માય સેલ્ફ રીમા. આઇ એમ ફોર્મ લંડન. ધિસ ઈસ અ લેટર ફોર યુ." આટલું કહી એણે ઊભા થઇ એક કવર ફેનિલના હાથમાં આપ્યું. ફેનિલે કવર હાથમાં લીધું અને એક નજર પોતાના ટેબલ પર મૂકેલી ફોટોફ્રેમ પર ફેરવી લીધી.

શોભા કિશોરભાઇ મિસ્ત્રી. અક્ષય
બીલીમોરા

વાર્તા પ્રકાર : માઇક્રો ફિક્શન



# હેપી બર્થડે...

વેદાંશી ધવલકુમાર
મિસ્ત્રી-બીલીમોરા
તા. ૧.૬.૨૦૧૬

# દેવના દિધેલ

કવાંટ(હાલ વડોદરા) નિવાસી જયદીપભાઇ પંચોલીને ત્યાં તા. ૪.૭.૨૦૨૧ ના રોજ પુત્રરત્ન 'જીયાસ'નો જન્મ થયો
માતા : દર્શનાબેન





વડોદરા નિવાસી ચિંતનકુમાર જયરાજભાઇ પંચોલી ને ત્યાં પુત્રીરત્ન 'ચિ. ઈવા'નો જન્મ થયો
માતા : પાહિનીબેન

પંચોલી નવયુગ શુભચિંતક | શ્રી મધુસુદનભાઇ ચંદુલાલ પંચોલી વડોદરા | શ્રી અશ્વિનભાઇ શાંતિલાલ પંચોલી વડોદરા

Book-Post

**Printed Book**

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, Malay-98240 64282. Email : pancholinavyug@gmail.com**